# પ્રસાર માધ્યમોએ વધુ હકારાત્મક થવું જોઇએ

કોઇપણ સમાજને સમજવા કે તેના વિશે માન્યતાઓ બાંધવા માટે ભલે તમે જે તે સમાજમાં રહેતાં ન હોવ, પણ તે સમાજના પ્રસાર માધ્યમોને તમે જૂઓ કે વાંચો એટલે જે તે સમાજનું ચિત્ર આપણી સામે આવી જાય. માટે જ પ્રસાર માધ્યમને સમાજનો અરિસો કહી શકાય. પ્રસાર માધ્યમોના મુખ્યત્વે બે પ્રકાર પાડી શકાય. પ્રિન્ટ મિડિયા અને ડિજીટલ મિડિયા. સમાચારપત્રોને પ્રિન્ટ મિડિયા કહીએ છીએ તો, ટી.વી. કે ઇન્ટરનેટ પરથી જ્યારે સમાચાર જોઇએ છીએ ત્યારે તેને આપણે ડિજીટલ મિડિયા કહીએ છીએ.

શિક્ષણની પ્રક્રિયા માત્ર શાળા-કોલેજમાં જ ચાલે છે એવું નથી.  પ્રસાર માધ્યમો પણ સમાજમાં શિક્ષણનું કામ કરે છે. સમાજને જાગૃત કરવાનું કામ સશક્ત રીતે જેટલા પ્રમાણમાં પ્રસાર માધ્યમો કર છે તેટલા પ્રમાણમાં અન્ય કોઇ માધ્યમ કરી શકતું નથી. સમાજમાં બનતી સારીનરસી ઘટનાઓની જાણ સમાજના તમામ સભ્ય સુધી લઇ જવાનું કામ પ્રસાર માધ્યમો જ કરે છે. જેની અસર દરેક ક્ક્ષ્યક્તિના દિલ અને દિમાગ પર થાય જ છે. પ્રસાર માધ્યમો ધારે તેવા વિચારો કે વર્તનો સમાજમાં ફેલાવી શકે છે. સમાજને ટૂંક સમયમાં જ બદલી નાંખવાની તાકાત આ પ્રસાર માધ્યમો ધરાવે છે. તે ખૂબ જ મજબૂત અને લોકોનું પસંદગીદાર માધ્યમ છે. માટે તો મોટાભાગના લોકો ચાનો કપ પછી હાથમાં પકડે છે, પણ પહેલાં સમાચારપત્ર હાથમાં લે છે. આજના ડિજીટલયુગમાં પણ પ્રિન્ટ મિડિયાએ પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. એટલું જ નહીં દિવસેને દિવસે વધુ પ્રભાવી પણ બનતું જાય છે.

પ્રસાર માધ્યમોની અસર મોટાપાયા પર મોટાભાગના વ્યક્તિઓ પર થાય છે. ત્યારે પ્રસાર માધ્યમોની જવાબદારી પણ એટલા જ પ્રમાણમાં વધી જાય છે. સમાજને કઇ બાબતમાં અને કેવી રીતે અને કટલા પ્રમાણમાં જાગૃત કરવો એ પ્રસાર માધ્યમોના હાથમાં છે. પ્રસાર માધ્યમને ચલાવવું એ ખૂબ જ અઘરી બાબત છે તો સાથે ખૂબ જ મૂલ્યવાન બાબત પણ છે. સમાજમાં બનતા નવા નવા બનાવો કે ઘટનાઓ એકઠી કરીને શક્ય તેટલા વહેલા પ્રમાણમાં લોકો સુધી પહોંચતી કરવી તે માનીએ અને ધારીએ તેટલું સરળ કામ નથી. આજના કોઇ સમાજના કોઇ પ્રસાર માધ્યમદ્વારા રજૂ કરાયેલ  સમાચાર કે વિગતની નોંધ માત્ર જે તે સમાજમાં જ લેવાય છે તેવું નથી, પણ  આખી દુનિયા નોંધ લે છે. આજનો માનવી વૈશ્વિક માનવી ગયો છે. માટે જ તેને દુનિયાભરમાં બનતા બનાવો કે ચાલતા વિચારો જાણવાની ઇચ્છા હોય છે.

આમછતાં કેટલાક સમયથી જાણવા અને સાંભળવા મળે છે કે, આજના પ્રસાર માધ્યમો જેટલા પ્રમાણમાં નકારાત્મક બાબતોને મહ%વ આપે ચે, તેટલા પ્રમાણમાં હકારાત્મક બાબતોને મહત્ત્વ નથી આપતા. હા, એ વાત ખરી છે કે પ્રસાર માધ્યમો પોતાના ગજવાની કોઇ વાત નથી કહેતા, પણ સમાજમાં જે ચાલે છે તે જ રજૂ કરે છે. પણ ત્યારે પ્રશ્ન એ જ થાય છે કે શું સમાજમાં બધું નકારાત્મક જ ચાલે છે ? હકારાત્મક બાબતો બનતી જ નથી ? જો બનતી હોય તો તેને પણ પૂરતા પ્રમાણમાં મહત્ત્વ અપાવું જ જોઇએ. કારણ કે, વધારે પડતા નકારાત્મક બનાવો જોઇને કે વાંચીને વ્યક્તિ એમ જ માનવા લાગે છે કે સમાજ બગડી ગયો છે, સમાજ અનિષ્ટોથી ભરેલો છે. લાંબાગાળે વ્યક્તિ હતાશ પણ બની જાય છે. તેની બીજી બાજુ જો હકારાત્મક બનાવો કે વિગતો મોટા પ્રમાણમાં જોશે કે વાંચશે તો તેમાંથી તેને પ્રેરણા લેવાની ઇચ્છા થશે. તેને પોતાના સમાજ માટે માન ઉપજશે. તે પણ સમાજ માટે વધું સારું કરવાનો પ્રયત્ન કરશે. સાથે જ જેના દ્વારા સારા બનાવો બન્યા હોય છે તેવી વ્યક્તિ કે સંસ્થાને પણ પ્રોત્સાહન મળશે અને તે વધારે પ્રમાણમાં વિશ્વાસ સાથે કામ કરવાનું ચાલું રાખશે. પ્રસાર માધ્યમો હકારાત્મક બાબત કરતાં

નકારાત્મક બાબતોને વધારે પડતું પ્રાધાન્ય આપે છે, ત્યારે હકારાત્મક કામ કરનાર કેટલાક અંશે નિરાશ પણ થાય છે. હા.. સારાં કામ કરનારને પોતાનું માનપાન વધે તેમાં રસ નથી હોતો, તેને તો પોતાના કામમાં જ રસ હોય છે, આમછતાં તેવા કામનો કે વિચારોનો ફેલાવો થાય અને સમાજમાં વધારે પ્રમાણમાં હકારાત્મક બાબતો બને તેવી તેની ઇચ્છા તો હોય જ છે.

આજે ટીવી પર કે સમાચારપત્રોનો એક અઠવાડિયાનો કે એક માસનો અભ્યાસ કરવામાં આવે કે કેટલા પ્રમાણમાં હકારાત્મક બાબતો હતી અને કેટલા પ્રમાણમાં નકારાત્મક બાબતો હતી. તો નક્કર તારણો મળશે. ફરીથી નોંધ લઇએ કે પ્રસાર માધ્યમો તો સમાજમાં બનતી ઘટનાઓને જ રજૂ કરે છે, પછી તે હકારાત્મક હોય કે નકારાત્મક. આમછતાં નકારાત્મક બાબતોનું પલ્લું ભારે જોવા મળે છે જે એક હકીકત છે. દા.ત. કોઇ મંદિરમાંથી ભગવાનના મુગટની ચોરી થઇ તે સમાચારમાં આવશે, પણ તે મુગટ અને અણ્ય ઘરેણાં બનાવી આપનારનું નામ સમાચારમાં ક્યાં નહીં આવે. કોઇ વિદ્યાર્થીને શિક્ષકે શિક્ષા કરી હશે તો તે સમાચારમાં આવશે, પણ કોઇ શિક્ષકે કોઇ વિદ્યાર્થીને ભણવા માટે આર્થિક મદદ કરી હોય કે વિશિષ્ટ સહાય કરી હોય તે સમાચારમાં નહીં આવે. કોઇ દુકાનદાર કોઇને છેતરશે તો તેના સમાચાર આવશે, પણ કોઇ દુકાનદાર પૈસાનું પાકીટ ભૂલીને ગયેલા ગ્રાહકને શોધીને આપશે તો તે સમાચારમાં નહીં આવે. કોઇ છોકરાએ કોઇ છોકરીની છેડતી કરી તો તે સમાચારમાં આવશે, પણ કોઇ છોકરાએ કોઇ છોકરીને વિશિષ્ટ મદદ કરી હોય તે સમાચારમાં કેમ નહીં ? બે પડોશી ઝગડે અને મારામારી કરે તેના સમાચાર આવે, પણ બે પડોશી ખૂબ જ સંપસહકારથી રહે, લોકોને મદદરૂપ થાય તેના સમાચાર કેમ નહીં ? સમારંભોમાં કોઇનું ગજવું કપાય તો સમાચાર આવે, પણ કોઇ વ્યક્તિ દાન કે મદદ કરે તેના સમાચાર ન હોય. પોલીસે કોઇને લાકડી ફટકારી હોય તો તેના સમાચાર હોય, પણ પોલીસ પોતાની ગાડીમાં બેસાડીને કોઇ વ્યક્તિને તેના ઘેર મૂકી આવે તેના સમાચાર ન હોય. કોઇ ડૉક્ટર વધુ ફિ લે કે યોગ્ય સારવાર ન કરી હોય તો તેના સમાચાર હોય, પણ કોઇ ડૉક્ટર ગરીબ દર્દીના પૈસા ન લેતા હોય અને રાતદિવસ એક કરીને નિષ્ઠાથી સારવાર કરતા હોય તો તેના સમાચાર કેમ નહીં ? આવા તો ઘણાં ઘણાં ઉદાહરણો ટાંકી શકાય. કહેવાનો અર્થ એવો બિલકુલ નથી કે નકારાત્મ બાબતોના સમાચાર ન હોવા જોઇએ. નકારાત્મક બાબતો સાથે સંકળાયેલ વ્યક્તિ કે સંસ્થાને ખુલ્લા પાડવા જ જોઇએ, જેમનાથી સમાજને ચેતવવો જ જોઇએ. પણ સાથે હકારાત્મક બનાવો રજૂ કરીને સમાજને વધુ પ્રેરણા આપી પ્રોત્સાહિત પણ કરવો જોઇએ. નકારાત્મક બનાવોના સમાચાર જોઇને કે વાંચીને સમાજને જેટલો ફાયદો થશે તેના કરતાં હકારાત્મક સમાચારો જોઇને કે વાંચીને વધુ ફાયદો થશે. જે કામ આજના પ્રસારમાધ્યમો થોડા ઓછા પ્રમાણમાં કરતા હોય તેવી લાગણી સમાજના એક ચોક્કસ વર્ગમાં જોવા મળે છે. આમપણ પ્રગતિ માટે આપણી વિચારસરણી હકારાત્મક બને તે વધુ જરૂરી છે. કહેવાય છે કે,હકારાત્મક વિચારો અને હકારાત્મક બનો. તો જ તમે આત્મવિશ્વાસ પૂર્વક આગળ વધી શકશો. સમાજમાં હકારાત્મક વિચારો ફેલાવીને , સમાજને હકારાત્મક બનાવવા પ્રસાર માધ્યમોએ વિશેષ કરવાની જરૂર આજના સમાજને છે તેમ કહેવામાં સહેજ પણ અતિશ્યોકિત નથી. વ્યક્તિ નકારાત્મક બાબતોથી પણ શીખે છે, આમછતાં તેનાથી પ્રોત્સાહન મળતું નથી. ઉપરાંત નકારાત્મક બાબતોથી શીખનારની સંખ્યા પણ ખૂબ જ અલ્પ હોય છે.